ગુજરાત સરકાર
જનરલ હોસ્પિટલ, આહવા-ડાંગ

ક્રમાંક. જહોઆ /[illegible]/૨૦૨૩
અધિક્ષકશ્રી ની કચેરી,
જનરલ હોસ્પિટલ-આહવા,
હાઈસ્કુલ રોડ, આહ્વા-ડાંગ. (૦૨૬૩૧-૨૨૦૨૦૫)
E-Mail: cdmo.health.ahwa1@gmail.com

**તા.: ૨૫/૧૦/૨૦૨૩**

**વિષય:** એન.એચ.એમ. અંતર્ગત ભરતી કરવા બાબત

અત્રે ની સંસ્થા જનરલ હોસ્પિટલ આહવા, જી.: ડાંગ ખાતે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફ ની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ ના કરાર આધારિત ભરતી કરવા ની હોય ઈચ્છુક અને માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો એ તા. ૦૫/૧૧/૨૦૨૩ સુધી માં ઑનલાઈન અરજીઓ https://arogyasathi.gujarat.gov.in પર પ્રદર્શિત થતી લીંક પર કરવા ની રહેશે.

| અ.નુ. | જગ્યાનું નામ | મંજુર જગ્યા | ભરવાની જગ્યા | માસિક મહેનતાણું | ટી.ઓ.આર. | અનુભવ |
|---|---|---|---|---|---|---|
| ૧. | તબીબી અધિકારી (એસ.એન.સી.યુ.) | ૧ | ૧ | ૬૦,૦૦૦/- | એમ.બી.બી.એસ. ડિગ્રી મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા/નેશનલ મેડિકલ કમિશન દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા માંથી મેળવેલ હોવી જોઈએ. ગુજરાત મેડિકલ કાઉન્સિલ ખાતે રજીસ્ટ્રેશન થયેલ હોવું ફરજીયાત છે. Basic Computer skills specially related to M.S. Office. | એન.આઈ.સી.યુ. ખાતે કામગીરી ના અનુભવ ધરાવતા ઉમેદવાર ને પ્રાધાન્ય આપવા માં આવશે. અન્ય હોસ્પિટલ ખાતે તબીબી અધિકારી તરીકે કરેલ કામગીરી ના અનુભવ ને પ્રાધાન્ય આપવા માં આવશે. |
| ૨. | કોમ્યુનીટી નર્સ / નર્સિંગ પ્રેક્ટીશનર ઈન મિડવાઇફ્રી (એન.પી.એમ.) | ૨ | ૨ | ૩૦,૦૦૦/- | પ્રેક્ટીશનર ઈન મિડવાઈફ્રી (એન.પી.એમ.) પોસ્ટ બેઝિક ડિપ્લોમા ક્વોલિફિકેશન રેકોગ્નાઈઝ્ડ બાય નર્સિંગ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા | અન્ય હોસ્પિટલ ખાતે મિડવાઈફ્રી પ્રેક્ટીશનર તરીકે કરેલ કામગીરી ના અનુભવ ધરાવતા ઉમેદવાર ને પ્રાધાન્ય આપવા માં આવશે. |

**ભરતી અંગે ની સામાન્ય સૂચનાઓ:**

1. ઑનલાઈન અરજી બાદ સંસ્થા ની કમિટી દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ ભરતી કરવા માં આવશે.
2. મહેનતાણાં અને રજાઓ સબબ એન.એચ.એમ. ગુજરાત ના નિયમો લાગુ પડશે.
3. ભરતી થયેલ ઉમેદવાઓ નું ફરજ નું સ્થળ જનરલ હોસ્પિટલ આહવા રહેશે. અને નિમાણૂંક પત્ર માં લખાયેલ તમામ શરતો અને બોલીઓ બંધન કર્તા રહેશે.
4. પસંદગી પામનાર ઉમેદવારો ની ભરતી તદ્દન હંગામી રહેશે. કોઈ કાયમી નોકરી ના હક્કો મળવાપાત્ર રહેશે નહિ. અને ભવિષ્ય માં તે અંગે કોઈ હક્ક દાવો રહેશે નહિ.

**ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની જરૂરી સુચનાઓ:**

1. ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી., સ્પીડ પોસ્ટ, કુરિયર, સાદી ટપાલ કે રૂબરૂ મળેલ અરજી ઓ માન્ય રહેશે નહિ.
2. આરોગ્ય સાથી ઓન લાઇન પોર્ટલમાં PRAVESH>CANDIDATE REGISTRATION માં સૌપ્રથમ રજીસ્ટ્રેશન કરી PRAVESH> CURRENT OPENING માં જઇ લોગીન કરી ફોર્મ ભરવાનું રહેશે.
3. સુવાચ્ય ઓરીજનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફ્ટવેરમાં અપલોડ કરવાની રહેશે.
4. અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
5. ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરી શકશે નહિ.
6. એન.પી.એમ. જગ્યાઓ માટે ૧૮ વર્ષ થી ઓછી તેમજ ૪૫ વર્ષ થી વધુ ઉંમર ન હોવી જોઇએ. તબીબી અધિકારી ની જગ્યા માટે મહત્તમ વયમર્યાદા ૬૫ વર્ષ રહેશે.

અધિક્ષક
જનરલ હોસ્પિટલ આહવા
જી.: ડાંગ